# Shri Govind Guru University, Godhra

(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, ગોધરા

(ગુજરાત એકટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)


નં.એસજીજીયુ/પરીક્ષા/૨૦૨૦/૨૫૮૧ તા. ૧૦/૦૮/૨૦૨૦

**પરિપત્ર-૨૧૨૩**

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માન્ય એમ.એસસી. અભ્યાસક્રમના અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ, એમ.એડ્. અભ્યાસક્રમની કોલેજોના આચાર્યશ્રીઓ તથા સંબંધિત વિદ્યાર્થીઓને ને જણાવવાનું કે, યુનિવર્સિટી દ્વારા તા.૨૪/૦૮/૨૦૨૦ થી એમ.એસસી. સેમેસ્ટર-૪ અને એમ.એડ્. સેમેસ્ટર-૪ ની ઓનલાઈન તથા ઓફલાઈન પરીક્ષાનું આયોજન કરેલ છે. આ સંદર્ભમાં સંબંધિત વિદ્યાર્થીઓને ખાસ સુચના આપવામાં આવે છે કે કોઈ પણ વિદ્યાર્થી ઓનલાઈન અને ઓફલાઈન પરીક્ષા પધ્ધતિ પૈકી માત્ર કોઈ એક પ્રકારની પધ્ધતિથી પરીક્ષા આપી શકશે. અને તેને તે સંપૂર્ણ પરીક્ષા તેજ પ્રકારે આપવાની રહેશે. (દા.ત. કોઈ વિદ્યાર્થીએ પ્રથમ પેપર ઓનલાઈન પધ્ધતિ મુજબ આપ્યું હશે તો તેને બાકીના બધા પેપર ફરજીયાતપણે ઓનલાઈન પધ્ધતિ મુજબ આપવાના રહેશે. તે બાકીના પેપર ઓફલાઈન પધ્ધતિ મુજબ આપી શકશે નહી અને કોઈ વિદ્યાર્થીએ પ્રથમ પેપર ઓફલાઈન પધ્ધતિ મુજબ આપ્યું હશે તો તેને બાકીના બધા પેપર ફરજીયાતપણે ઓફલાઈન પધ્ધતિ મુજબ આપવાના રહેશે. તે બાકીના પેપર ઓનલાઈન પધ્ધતિ મુજબ આપી શકશે નહી), જે વિદ્યાર્થી આ સૂચનાનું પાલન નહી કરે તેની સંપૂર્ણ પરીક્ષા રદ્દ કરવામાં આવશે અને તેની સઘળી જવાબદારી જે તે વિદ્યાર્થીની રહેશે. આ બાબતે પાછળથી કોઈ દલીલ કે રજૂઆત સાંભળવામાં આવશે નહી.

નોંધ : ઓનલાઈન પરીક્ષા વિદ્યાર્થીઓ પોતાના ઘરેથી અથવા અનુકુળ સ્થળેથી પરીક્ષા આપી શકશે. આ માટે પરીક્ષા કેન્દ્ર પર આવવાની જરૂર નથી. જયારે ઓફલાઈન પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓએ અગાઉથી જાહેર કરાયેલ પરીક્ષા કેન્દ્રો પરથી પરીક્ષા આપવાની રહેશે.

પરીક્ષા નિયામક
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી માન્ય એમ.એસસી. અભ્યાસક્રમના અનુસ્નાતક કેન્દ્રોના પ્રોફેસર ઇન્ચાર્જશ્રીઓ તથા એમ.એડ્. અભ્યાસક્રમની કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ અને જરૂરી સૂચનાઓનું પાલન કરવા સારું.